# જ્ઞાતિમૈયા


જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૯ • તા. ૧૫ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી


દુઃખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતાપણું હશે તો આ કપરી પળો સહવાલાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હૃદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુઃખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મગ્ન બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુઃખએ બીજાઓને લીધે આવ્યું પોતે વગર વાંતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુઃખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુઃખમાં આત્મશક્તિ હોય તો દુઃખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુઃખી દુઃખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોળિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુઃખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

- જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# યુવાવસ્થામાં સ્વને જાળવવું જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે દુનિયામાં સૌથી વધુ યુવાધન ભારત પાસે છે. યુવા પેઢી માટે ભારત ગૌરવ લે છે પણ અદ્‌ભૂત ટેલેન્ટ ધરાવતા યુવાઓ તેમના કૌશલ્યનો ઉપયોગ ભારતમાં કરવાને બદલે વિદેશમાં કરવાને પોતાનું ગૌરવ માને છે. તેમના કૌશલ્યનો ઉપયોગ ભારતને બદલે કદાચ યોગ્ય તકના અભાવે વિદેશની નામાંકિત કંપનીઓમાં જોડાય છે. વિદેશ ગયેલા યુવાનોમાંથી અડધા પણ માદરે વતન પાછા આવે તો ભારતના ચમકતો સિતારો વધુ ઝળઝળતી થઈ જાય. તેમના કૌશલ્યનો લાભ આપણા દેશને નથી મળી રહ્યો એનો વસવસો છે. એનાથી વસમી પરિસ્થિતિએ છે કે અપરાધની દુનિયામાં યુવા વર્ગની સામેલગીરી ચિંતાજનક બાબત જેવી છે. અપરાધની દુનિયામાં એક ચિંતાજનક પરિસ્થિતિ જોવા મળી રહી છે અને એ છે યુવા વર્ગનો ગુનાહિત પ્રવૃત્તિ તરફ વધતો ઝૂકાવ.

યુવાવસ્થા એ શિક્ષણ, કારકિર્દી અને વ્યક્તિત્વ ઘડતર માટેની ઉંમર છે. આ ચડતી ઉંમર, ઉન્નતિ અવસ્થા વયે ગુનાહિત પ્રવૃત્તિમાં ઢળવાની તેમની સક્રીય સામેલગીરી તેમની કઈ મજબૂરી છે. એનો સવાલ થાય એ વ્યાજબી ચિંતા છે. સરકાર આ સમસ્યા પ્રત્યે જાગૃતિ દાખવે એ જરૂરી છે. યુવાશક્તિનો સારી જગ્યાએ રચનાત્મક ઉપયોગ થાય એવું શિક્ષણ અને પગભર થઈ શકે એવી તાલીમ મળી જરૂરી છે. ગુનાખોરીમાં પકડાતા આરોપીઓની વય સરાસરી ૧૯થી ૨૫ સુધીની ઉંમરના હોય છે. આ દરેક સમાજ માટે પડકારરૂપ છે. ફેશન અને વ્યસનના ચાળે ચડી યુવાવર્ગ પોતાનો ભવિષ્ય ખરાબે ચડાવે છે. નાની વયે જ ભ્રમિત થઈ જતો યુવાન નાત જાત રાજકીય અને સોશિયલ મીડિયામાં પ્રચાર-પ્રસારમાં વ્યસ્ત રહીને જોશમાં હોશ ખોઈ બેસે છે. ઝડપી અને અલ્પ સમયમાં લાભ લેવાની શોધમાં યુવાઓ ગુના તરફ આકર્ષિત થાય છે અને જલ્દીથી ઊંડા કળણમાં સપડાઈ જાય છે. એ પછી તેમાંથી નીકળવું મુશ્કેલ થઈ પડે છે.

ઘર પરિવારનું નકારાત્મક વાતાવરણ યુવાનોની માનસિકતાને ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે. તો ઘર બહાર દોસ્તોની સંગત જો કુસંગત હોય તો તેનો રંગ પણ કાચા મનોબળ ધરાવતાં વ્યક્તિને જલદી લાગી જાય છે. જ્યારે ઘરમાં પ્રેમ, શિસ્ત અને સંવાદનો અભાવ હોય ત્યારે સંતાન દિશાહીન બની જાય છે. માતાપિતાનું બાળક પ્રત્યે વધુ કઠોર વલણ અથવા વધારે બેદરકાર ભર્યું વલણ પણ યુવાન સંતાનમાં અસુરક્ષતા જન્માવે છે. આ વાતાવરણને કારણે યુવા વર્ગ ખરાબ સંગતમાં પડીને ગુનાખોરી તરફ આકર્ષાય છે અને કંઈક કરી બતાવવાના જોશમાં કોઈ મોટું પરાક્રમ કરી બેસે છે.

આ પ્રકારની વ્યક્તિઓની માનસિક સ્થિતિને સમજવવા માટે સોએ સામૂહિક પ્રયાસ કરવા ઘટે. જેથી રાહ ઉતરેલ યુવાનોના વિચારોને યોગ્ય દિશા મળી શકે. આ વિકટ પરિસ્થિતિ માત્ર દંડાત્મક કાર્યવાહી, સખત ઠપકો આપવાથી કે કાયદાની અમલ બજાવણીથી નિયંત્રણમાં નહીં આવી શકે. આ અનિષ્ટના મૂળમાં સામાજિક, પારિવારિક અને ખાસ કરી માનસિક સમસ્યાઓમાં રહેલા છે. એની માટે માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સમૃધ્ધિ કાર્યક્રમની અમલ બજાવણીથી બગડેલા સંતાનોને સાચી અને સારી દિશા મળી શકે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ **STAMP FRANKING** Now Available

**HOME LOAN**

**CAR LOAN**

**COMMERCIAL VEHICLE LOAN**

**SOLAR LOAN**

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

**GOLD LOAN**

**LOAN AGAINST PROPERTY**

**TRADE LOAN**

**LOAN AGAINST INSURANCE POLICY**

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank


KDO

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા














શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સૌપ્રથમ ભુજ-ભચાઉ માર્ગે આવેલા સીટી સ્કેવર મધ્યે સ્નાત્ર પુજા સહ સ્તવનોની રમઝટનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યાર બાદ શ્રી કચ્છી દશા ઓશાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ દ્વારા આયોજીત પખાવાજ કાર્યક્રમમાં પણ મહિલા મંડળે ભાગ લીધેલ.

પ્રવાસ કાર્યક્રમ અનુસંધાને મહિલા મંડળનાં સભ્યો અને સમાજનાં મહિલાઓએ બળદીયા ગામે શ્રી અબજીબાપા છતરડી તથા સ્વામિનારાયણ મંદિર નિહાળ્યું હતું. અહીં વિવિધ ગેમોનું આયોજન કરવામાં આવેલ.સર્વે બહેનોએ આનંદ-ઉત્સાહપૂર્વક કાર્યક્રમને વધાવી લીધેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા










મહિલા મંડળનાં પ્રમુખ જયાબેન મુનવર, ઉપપ્રમુખ જયુબેન અનીલ શાહ, મંત્રી જીનાલી મુનવર, સહમંત્રી હેતલ મોમાયા, ખજાનચી અમીતા જૈન, સહખજાનચી લીલાવંતી છેડા સહિત મંડળનાં સભ્યો અને સમાજનાં મહિલાઓ જોડાયા હતા. અલ્પાહારની વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવેલ.



# ભુજ નજીક વર્ધમાનનગર-કચ્છ મધ્યે આપણાં સમાજનાં પરિવારોની વધતી જતી વસ્તી માટે સમાજવાડી અત્યંત જરૂરી

ભુજ નજીક ૭ કિલોમીટરનાં અંતરે વર્ધમાનનગર વસેલું છે. ભુજ-અંજાર માર્ગે ભુજથી માધાપર પછી વર્ધમાનનગર આવે છે. અહીં કચ્છી દશા ઓશવાળ જૈન આપણી જ્ઞાતિનાં ૭૫ પરિવારો રહે છે. અહીં એક જ જગ્યાએ વર્ધમાનનગરે મીની અબડાસા વસ્યું છે. હજું પણ દર વર્ષે આપણી જ્ઞાતિનાં ઘરો (પરિવારો) ની સંખ્યા વધતી જાય છે ભુકંપ પછી નિર્માણ પામેલ વર્ધમાનનગર મધ્યે અત્યારે ૪૦૦ ઘર ખુલ્લા છે. જૈન સમાજનાં જુદા-જુદા સંપ્રદાયો, ફિરકાઓ અહીં સાથે રહે છે. એકતા સંપ- સંગઠન અહીં જોવા મળે. અહીં જિનાલય, ઉપાશ્રય, સ્થાનક, દાદાવાડી વગેરે આવેલા છે.

કચ્છી દશા ઓશવાળ જૈન પરિવારોની સંખ્યા સૌથી વધારે છે. આવા આ નગરમાં આપણી જ્ઞાતિની સમાજવાડી હોવી જરુરી છે. કારણ કે, પરિવારમાં ઉજવાતા નાના-મોટા પ્રસંગો અને લગ્ન પ્રસંગોએ ભુજમાં અન્ય સમાજની સમાજવાડી, પાર્ટી પ્લોટ કે રુમો પ્રસંગોપાત ભાડેથી રાખવા પડે. નાના પરિવારો આવા મોટા ખર્ચ કરવા જતાં ખર્ચમાં લાંબા થઇ જાય છે.

દર વર્ષે આપણી જ્ઞાતિનાં પરિવારોની સંખ્યા જ્યાં સતત વધી રહી છે એવા વર્ધમાનનગરમાં આપણા સમાજનાં પરિવારોની વ્યવસ્થાનાં એક ભાગરૂપે સમાજવાડી અત્યંત જરૂરી છે.આટલા પરિવારોને વર્ધમાનનગરમાં એકઠા કરવા નાના-મોટા કાર્યક્રમો કરવા સમાજવાડીની ખાસ જરુરત છે.

મોટો હોલ, ૪ રૂમ, ઓફિસ સાથેનું બાંધકામનું એક મકાન વેંચાણમાં છે. ૪૫ થી ૫૦ લાખ સુધીમાં મળી શકે તેમ છે. આ મિલ્કત સારી કન્ડીશનમાં છે. દાતાશ્રીનાં નામની કાયમી તકતી આ સંકુલ ઉપર લાગી શકે. વર્ધમાનનગર-કચ્છ જ્યાં મીની અબડાસા વસેલું છે.

આ વર્ધમાનનગરે રહેતા અને ભવિષ્યમાં વધતી જતી પરિવારોની સંખ્યાને ધ્યાને લઇ દાતાશ્રી પરિવારો આ સમાજવાડી માટે જરૂરથી યોગ્ય કરે તેવી કરબદ્ધ પ્રાર્થના છે. દાતાશ્રીઓ આગળ આવશે તો આપણા વર્ધમાનનગર-કચ્છમાં રહેતા સમાજનાં પરિવારો માટે શ્રેષ્ઠ કાર્ય થશે.

પ્રબોધ એચ. મુનવર પ્રમુખ - શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભુજ - ૯૯૨૫૧૬૯૮૭૬, દિલીપ આર. મોતા - ઉપપ્રમુખ - ૯૪૨૭૨૪૯૫૪૯, હીરાચંદ એલ. છેડા-મંત્રી-૯૮૭૯૩૫૭૨૪૬, હરીશ એસ. લોડાયા સહમંત્રી-૯૯૭૯૧૯૮૮૯૯, મહેન્દ્ર પી. લોડાયા-ખજાનચી-૯૧૦૬૬૦૩૩૦૮, પ્રિતિબેન ડી. મોમાયા સલાહકાર સભ્ય શ્રી-૯૪૨૭૨૦૧૨૮૨.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ



શ્રી કોઠારા જૈન દેરાસર (તા.અબડાસા)















અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થનાં મેરુપ્રભ શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.સા.શ્રી જયધર્માશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભ પાવન નિશ્રામાં ઉજવાઇ હતી.

મૂળનાયક શાંતિનાથ પ્રભુજીનાં શિખર ઉપર ધ્વજા ચડાવાનો લાભ શાહ રાયચંદ ભોજરાજ ધરમશી મસુરવાલા પરિવારે લીધો હતો. અન્ય શિખરોનાં ધ્વજારોહણનાં ચડાવાનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધો હતો.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ











મૂળનાયક શાંતિનાથ ભગવાન શિખરની ધ્વજાનો લાભ રાયચંદ ભોજરાજ ધરમશી-મસૂર પરિવાર, મૂળનાયક જમણી બાજુ મુનિસુવ્રતસ્વામીની ધ્વજા કુ. પુષ્પાબેન લાલજી અજાણી-કોઠારા, મૂળનાયક ડાબી બાજુ આદેશ્વર ભગવાનની ધ્વજા અ.સૌ. કલ્પનાબેન સોમચંદ લોડાયા પરિવાર આરીખાણા, મૂળનાયકનાં રંગ મંડપની ધ્વજા અ.સૌ. અરૂણાબેન હંસરાજ ધરમશી અમેરીકા, મૂળનાયકના બહારના ગોખલા શાંતિનાથજીની જમણીબાજુ ધ્વજા ઉત્તમચંદ કલ્યાણજી ખોના-સાંગલી, મૂળનાયકના બહારના ગોખલા શ્રી સુપાશ્વનાથની ડાબીબાજુની ધ્વજા અ.સૌ. પ્રભાબેન જયંતભાઇ ધુલ્લા-કલકતા, મૂળનાયકનો સામેનો ચોકિયારો ખેતબાઇ ચાંપશી ધરમશી પરિવાર, મૂળનાયકનો જમણી બાજુનો ચોકિયારો ખેતબાઇ ચાંપશી ધરમશી પરિવાર-કોઠારા, મૂળનાયકનો ડાબીબાજુનો ચોકિયારો હીરજી શામજી લોડાયા-કોઠારા, જૂના શાંતિનાથની શિખરની ધ્વજા શ્રી ઉત્તમભાઇ કલ્યાણજી ખોના, પાર્શ્વનાથ ભગવાનનાં શિખરની ધ્વજા અ. સૌ. તરલાબેન શરદભાઇ શિયાલ-આરીખાણા, ચિંતામણી પાર્શ્વનાથના શિખરની ધ્વજા, શ્રીમતી મુક્તાબેન દિનેશચંદ્ર શાહ, આર્યરક્ષિતસુરી મંદિરની ધ્વજા શ્રી નલિનભાઇ કેશવજી અજાણી, રાયણ પગલાની ધ્વજા પ્રેમાબાઇ લાલજી અજાણી, આદેશ્વરજી ચૌમુખની ધ્વજા કાન્તાબાઇ ગોવિંદજી અજાણી, મહાવીર સ્વામી ચૌમુખજીની ધ્વજા જયાબેન ટોકરશી લોડાયા, પુંડરીક સ્વામીના શિખરની ધ્વજા કસ્તુરબાઇ હિંરાચંદ મુનવર-કોઠારા, વાસુપૂજય સ્વામીના શિખરની ધ્વજા ખેતબાઇ ચાંપશી ધરમશી, આદિનાથ ભગવાન શિખરની ધ્વજાનો લાભ શાહ હિરજી નરશી લોડાયા-કોઠારા પરિવારે લીધેલ.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઇ








મૂળ નાયક શાંતિનાથજી ભગવાનની આરતીનો લાભ માતુશ્રી ખેતબાઇ ચાંપશી ધરમશી, મૂળ નાયક શાંતિનાથજીના મંગલ દિવાનો લાભ શાહ હીરજી નરશી લોડાયા પરિવાર, જૂના શાંતિનાથજી ભગવાનની આરતી ઉત્તમચંદ કલ્યાણજી ખોના-સાંગલી, જૂના શાંતિનાથજી ભગવાનનો મંગલ દિવો રાયચંદ ભોજરાજ ધરમશી-મસુર, પાર્શ્વનાથ ભગવાનની આરતી માતૃશ્રી પ્રેમાબાઇ રતનશી ધરમશી, શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મંગલ દિવો માતુશ્રી પ્રેમાબાઇ રતનશી ધરમશી, શાંતિ કળશનો લાભ ઉત્તમભાઇ કલ્યાણજી ખોના-સાંગલી પરિવારે લીધેલ.

રાત્રિભાવના, ધ્વજા ચડાવા, રાસ, ચામર નૃત્ય, સતર ભેદી પૂજા બાદ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજા રોહણ કરવામાં આવેલ. સંગીતની રમઝટ કમલેશ ગોસ્વામી, સમાબેન મીર અને સાથી કલાકારોએ જમાવી હતી. પૂજ્ય ગુરૂભગવંતશ્રીઓને વાજતે-ગાજતે રંગમંડપમાં લઇ આવવામાં આવેલ. પૂજ્યશ્રીઓનાં વરદ્ હસ્તે ધ્વજાઓ ઉપર વાસક્ષેપ કરવામાં આવેલ. ત્યાર બાદ ધાર્મિક વિધિવિધાન સાથે ઢોલ-શરણાઇનાં સૂરો સાથે વાજતે-ગાજતે જિનાલયનાં શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ









પૂજ્યશ્રીઓએ કોઠારા જિનાલયનો ઇતિહાસ વર્ણવી, જિનાલય નિર્માણ કરાવનાર દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી.

શેઠ શ્રી વેલજી માલુ, શેઠશ્રી શીવજી નેણશી, શેઠ શ્રી કેશવજી નાયકે આ ભવ્યાતિભવ્ય જિનાલય બંધાવ્યું. જિનાલય વર્ષગાંઠ પ્રસંગે આ ત્રણે શ્રેષ્ઠી વર્યોને યાદ કરી તેઓશ્રીની અંતરની ભાવનાંઓને બિરદાવવામાં આવેલ. કોઠારાની પાવન ધરા પર વિશાળ જિનાલયનું નિર્માણ કરાવી કોઠારા ગામનું ગૌરવ વધાર્યું. જગવિખ્યાત સુપ્રસિદ્ધ દેરાસર બંધાવનાર ત્રણે શ્રેષ્ઠીવર્યોનાં ફોટા આજે પણ કોઠારા જિનાલયની પેઢી ઉપર જોવા મળે છે. ફોટા જોતાં જ તેમને નતમસ્તકે વંદન કરવાની ઇચ્છા પ્રગટે, તેવા આ ત્રણે જ્ઞાતિ રત્નોને ભાવભરી વંદના કરવામાં આવેલ.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ














કોઠારા જૈન મહાજનશ્રી પ્રમુખ શ્રી નલીનભાઇ અજાણીએ જણાવ્યું હતું કે, શાંતિનાથ દાદાની ધ્વજાનો પ્રસંગ યાદગાર બની ગયો. આવતા વર્ષે વધુ પરિવારો ધ્વજા પ્રસંગે કોઠારા આવે તથા નિયાણી બહેનો પણ આ અવસરે પધારે તેવા પ્રયત્નો કરાશે. ૧૬૫ મી ધ્વજા અનેરી રીતે ઉજવાશે.

ટ્રસ્ટી શ્રી હેમંતભાઇ અજાણીએ જણાવ્યું હતું કે, કોઠારાવાસીઓ પ્રસંગોપાત વધુને વધુ સંખ્યામાં આવે એ જરૂરી છે. ચાર્તુમાસ પ્રવેશ, ધ્વજા રોહણ, પર્યુષણ મહાપર્વે કોઠારા પધારવા જોઇએ.

ટ્રસ્ટી પ્રવીણભાઇ ટી. લોડાયાએ જણાવ્યું હતું કે, આવતા વર્ષે ૧૬૫ મી ધ્વજારોહણનાં પ્રસંગે વધુને વધુ પરિવારો કોઠારા આવે તેવા પ્રયત્નો અત્યારથી શરૂ કરી દેવાશે.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ















નીતિનભાઇ રાયચંદ ભોજરાજ ધરમશીએ જણાવ્યું હતું કે, અમો પણ ૧૬૫ મી ધ્વજારોહણ પ્રસંગે મહારાષ્ટ્રમાંથી વધુને વધુ કોઠારાવાસીઓ માદરે વતન આવે પ્રયત્નો કરે તેવા પ્રયત્નો કરશું.

દેવાંગભાઇ ખોનાએ જણાવ્યું હતું કે, માદરે વતન કોઠારા ધ્વજા પ્રસંગે ઉપસ્થિત રહી અનહદ આનંદ અનુભવું છું.

જાસ્મીનબેન ખોનાએ જણાવ્યું હતું કે, અમો પણ અમારા વડીલ ઉત્તમભાઇ ખોનાનાં પગલે પગલે ચાલી કોઠારા આવવા તત્પર હોઇએ છીએ. પરિવારનાં વડીલોએ બતાવેલા માર્ગ ઉપર ચાલીએ છીએ. એટલે જ કોઠારા આવવાનું મન થઇ જાય છે. અશ્રુભીની આંખે પોતાનાં વડીલોને યાદ કર્યા હતા. અને તેમનાં સંસ્મરણોની યાદ તાજી કરાવી હતી.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ













કોઠારા જૈન મહાજનશ્રી અધ્યક્ષ નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, મધુકાંત શાહ, વીરચંદભાઇ ધરમશી, પ્રવિણ લોડાયા, નિતીન ધરમશી, દેવાંગ ખોના, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, કલ્પેશભાઇ મોતા, ચેતનભાઇ મોતા, મનોજ લોડાયા, ઝવેરચંદ ખોના, કીર્તી ધરમશી (સાંઘાણ) સહિતનાં આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નીતીનભાઇ ધરમશી, દેવાંગભાઇ ખોના, મણીલાલ ધરમશી, હિતેન મોતા, દિપેશ મુનવર, જીગેશ મુનવર, અભય ધરમશી, ચંદુભાઇ મૈશેરી, પ્રદિપ મુનવર,વીણાબેન ધરમશી, જાસ્મીન ખોના, પુષ્પાબેન અજાણી, જયાબેન મુનવર, રમીલાબેન લોડાયા, મનીષાબેન ડાઘા, તોરલબેન શાહનંદ, અરુણાબેન ધરમશી, રસીલાબેન ખોના, મુક્તાબેન શાહ, હીરાવંતીબેન ધરમશી, દમયંતીબેન ખોના, રેવંતી મુનવર, રમીલાબેન એચ. લોડાયા, તરલાબેન શીયાલ, કાન્તાબેન પાલાણી, કાન્તાબેન લોડાયા, રતનબેન લાલકા, જયાબેન મૈશેરી, સરલાબેન મોતા, કલ્પનાબેન ધરમશી, પ્રવિણાબેન મુનવર, મીનાબેન મુનવર, સહિત શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વર્ધમાનનગરથી ૨૦ ભાઇ-બહેનો આ પ્રસંગે પધારેલા.

# કોઠારા જિનાલયની ૧૬૪ મી વર્ષગાંઠ ઉજવાઈ















રાત્રિ ભાવનામાં સૌ સમાજવાસીઓ હોંશે હોંશે રાસ રમી નાચી ઝુમી ઉઠયા હતા. સવારે સતરભેદી પૂજામાં સૌ સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રભુ શાંતિનાથ દાદાની ભક્તિમાં તરબોળ બન્યા હતા. ચામરનૃત્ય અને રાસની ભારે રમઝટ જામી હતી.

સવારની નવકારશીનો લાભ માતુશ્રી ખેતબાઇ ચાંપશી ભવાનજી ધરમશી કોઠારા તથા માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશી લોડાયા-આરીખાણા પરિવારોએ જયારે બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવારે લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. આભાર દર્શન શ્રી નલિનભાઇ અજાણીએ કરેલ.

વ્યવસ્થા ધનપતિ લોડાયા, દિનેશ મોતા, ગુલાબ મોતા, પનુભા ધલ, ગીરીશ મોમાયા, ગીરીશ મારાજ તથા નિલેશ લોડાયાએ સંભાળી હતી. આ અવસરે કોઠારા પાંજરાપોળમાં ગાય માતાઓને લાપસી તથા ગોળ અને લીલાચારો અર્પણ કરવામાં આવેલ.

# હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૨૨-૧૦-૧૯૪૬

અરિહંત શરણ :
તા.૧૧-૦૨-૨૦૨૫

## સ્વ. પ્રેમચંદભાઈ માલશી મોતા

જીવન એવું જીવી ગયાં કે સૌ યાદ કરે,
કર્મો એવાં કર્યા કે સૌના હૃદયમાં ગૂંજ્યા કરે

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી સૌરભ બની પ્રસરી ગયા, જીવન જીવ્યા ખુમારીથી, સુખ દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયા, આપની કૌટુંબિક ભાવના અને પરોપકારવૃત્તિની સુવાસ સદા મહેકતી રહેશે અને આપ હંમેશાં સૌના હૃદયમાં જીવંત રહેશો. આપે કુટુંબ માટે આપેલ ભોગ સદાય અવિસ્મરણીય રહેશે. આપના યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભૂલાશે નહીં.

પ્રભુ, આપના આત્માને પરમ શાંતિ આપે એવી અભ્યર્થના.

લિ. પત્ની : મીરાબેન પ્રેમચંદ મોતા

| | | | |
|---|---|---|---|
| પિતા | : સ્વ. માલશી કલ્યાણજી મોતા | માતા | : સ્વ. માનબાઇ માલશી મોતા |
| સસરા | : સ્વ. નરશી ચત્રભુજ લોડાયા | સાસુ | : સ્વ. હીરબાઇ નરશી લોડાયા |
| પુત્ર | : મિતેશ પ્રેમચંદ મોતા | પુત્રવધુ | : દીપાલી મિતેશ મોતા |
| પુત્રી | : પારુલ મનિષ લોડાયા | જમાઇ | : મનિષ થોભણ લોડાયા |
| ભાઇ | : રાયચંદ માલશી મોતા | ભાભી | : સ્વ. કલ્પના રાયચંદ મોતા |
| બહેન | : સ્વ. જયવંતીબેન અમૃતલાલ નાગડા | બહેન | : સ્વ. હીરાબાઇ પુનશી લોડાયા |
| ભત્રીજા-વહુ | : અમનદીપ દુષ્યંત મોતા | ભત્રીજા-વહુ | : પ્રિયંકા દીપેન મોતા |
| ભત્રીજી | : જસ્મિન સંકેત હેફા | પૌત્ર | : મિહિર, હર્ષિલ |
| પૌત્રી | : મેહેર દીપેન મોતા | દોહિત્રી-દોહિત્ર | : કૃતિકા, વિમલ |


**સમસ્ત મોતા અને લોડાયા પરિવાર**

**Residence : 32 Rowland Road, Roland Palace, 3rd floor
Kolkata - 700 020 • Mitesh Motta - 98300 29501**



શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
Don't Just DREAM It, Showcase Your BRAND
To The Entire KDO Community
FOOD STALL
EXHIBITION STALL
FOOD STALL
A Full-day Opportunity To Trade, Grow & Connect With A Wide Audience
Stall Dimension
₹ 2000/-
6ft x 6ft
Commercial Stall
6ft x 10ft
Food Stall (Limited)
₹ 5500/-
Venue
Kalidas Open Ground
P. K. Road, Mulund (West),
Mumbai - 400 080
For More Information Contact
Jimit Momaya +91 97738 01208
Khushi Dharamshi +91 93725 20384
Bhumika soni +91 98925 12412
KDO
KALA
KUMBH
Bade Sapne, Badi Udaan!
Sunday, 9th March - 2025


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
Are You A STUDENT
Who Has Achieved A Significant Milestone?
Your Achievement Is An INSPIRATION - Let's Celebrate Together!
At Our Annual Prize Distribution Ceremony!
If You Have
• Completed Post-graduation • Finished Any Professional Course
• Received a Certificate, Award or Qualification In Any Special Extra Curricular Field
Venue
Kalidas Open Ground
P. K. Road, Mulund (West),
Mumbai - 400 080
For More Information Contact
Mahek Mota +91 93215 17083
Zeel Dagha +91 93242 90223
Tuhin Goshar +91 82913 92024
KDO KALA KUMBH
Bade Sapne, Badi Udaan!
Sunday, 9th March - 2025


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
Grow Your Reach Within
The KDO Community Advertise In Our
SOUVENIR
Book Today!
KDO KALA KUMBH
2025
Colour Page Adv.
A4 Full Page Adv.
₹ 5,000/-
Half Page Adv.
₹ 3,500/-
Quarter Page Adv.
₹ 2,000/-
Black & White Adv.
A4 Full Page Adv.
₹ 3,500/-
Half Page Adv.
₹ 2,000/-
SOUVENIR BOOK Will Be Distributed
Physically & Digitally Among PAN INDIA KDO Families
For More Information Contact
Resham Lalka
+91 98196 65407
Dristi Maisheri
+91 90820 27351
Parth Momaya
+91 88504 39808

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા ટેલેન્ટ ફિએસ્ટા ૨૦૨૫નું સફળતાપૂર્વક આયોજન કરાયું

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા ટેલેન્ટ ફિએસ્ટા ૨૦૨૫નું આયોજન માધવાશ્રમ હોલમાં તા.૨૬ જાન્યુઆરી રવિવારના બપોરે ૩ કલાકથી કરાયું હતું. શરૂઆતે ચા-કોફી અને વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ ચિક્કીઓનો સ્વાદથી સૌનું સ્વાગત કરાયું હતું. મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ મોતા, ચેતનભાઈ લહેરચંદ નાગડા, ધવલ ઉમેશ ખોના, ભાવેશ રતિલાલ મોતા, અમિત જેઠાલાલ ખોના, શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના, મનિષ પ્રવીણચંદ્ર કાંકણ તથા વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સભ્યો દ્વારા સરસ્વતી માતાજીની છબી સમક્ષ દિપ પ્રાગટ્ય, અગરબત્તી, હારારોપણ કરી નવકાર મંત્ર બોલીને ખૂબજ ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રારંભ કરાયો. કાર્યક્રમમાં ૫૦ જેટલા સ્પર્ધકોએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભાનું પ્રદર્શન બખૂબીથી કર્યું હતું. અંદાજે ૧૫૦ થી વધુ જ્ઞાતિજનો હાજર રહ્યાં હતાં. કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ થઈ હતી. જેમાં ● કેલીગ્રાફી કાર્નિવલ : આ સ્પર્ધામાં સ્પર્ધકોએ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં સુંદર હસ્તાક્ષરો રજૂ કર્યા હતા. ● ઇંક યોર થોટ્સ : નિબંધ લેખન સ્પર્ધામાં સ્પર્ધકોએ વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા. ● કેનવાસ ક્રિએશન્સ : આ ડ્રોઈંગ કોમ્પિટિશનમાં સ્પર્ધકોએ પોતાની કલા કૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન આપ્યું હતું. ● હિના હાર્મની : જેમાં સ્પર્ધકોએ સુંદર અને આકર્ષક મહેંદી ડિઝાઇન બનાવી હતી. ● નેઈલ ટેલ્સ : આ આર્ટ સ્પર્ધામાં સ્પર્ધકોએ પોતાની ઝીણવટ ભરી સર્જનાત્મકતાનો ઉપયોગ કરી નેઈલ આર્ટ પ્રદર્શિત કરી હતી. ● ઇકો માર્વેલ્સમાં વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં સ્પર્ધકોએ કચરામાંથી ઉપયોગી અને સુંદર સુશોભિત વસ્તુઓ બનાવીને કથીરને કયા પ્રકારે કંચન બનાવી શકાય તેનું દર્શન કરાવ્યું હતું. ● ફ્લેમ-ફ્રી ડિશનો ફાયર ફૂકિંગ સ્પર્ધામાં સ્પર્ધકોએ આગ વગર સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હતી અને આ વાનગીઓનો આસ્વાદ  સૌએ માણ્યો હતો.

વિવિધ સ્પર્ધામાં વિજેતા થનાર ને વિશેષ પુરસ્કારો આપવામાં આવ્યા હતા. મંડળના સભ્યો અને સ્વયંસેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબજ જહેમત ઉઠાવી હતી. આ વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમ દ્વારા યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ મળ્યું હતું અને સૌએ ખૂબ આનંદ માણ્યો હતો. આગામી સમયમાં આ પ્રકારના વધુ આયોજનો કરવાની મંડળની યોજના છે. જેથી યુવાનોને તેમની કલા અને કૌશલ્યને વિકાસવવાની વધુને વધુ તક મળે. એવું વ્યવસ્થાપક સમિતિ વતીથી અ.સૌ.અર્ચના અમિત ખોના, મનિષા પ્રવીણચંદ્ર કાંકણ અને સાગર ચંદ્રકાન્ત ખોના દ્વારા જણાવાયું હતું.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા રંજન સંધ્યા કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું

રવિવાર, તા.૨૬ જાન્યુઆરી રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિને સાંય ૭ કલાકે શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા માધવાશ્રમ હોલ ડોંબિવલી પૂર્વમાં રંજન સંધ્યાનું રંગારંગ આયોજન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆતે મંડળ પ્રમુખ મહેન્દ્રભાઈ મેઘજી મોતા, ચેતનભાઈ લહેરચંદ નાગડા, અનુજ ગિરીશ લોડાયા, શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા, શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા તથા વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલ સભ્યો દ્વારા શ્રી સરસ્વતી માતાજીની છબીને હારારોપણ, દિપ પ્રાગટ્ય, અગરબત્તી કરી નવકાર મંત્ર બોલીને ભારતમાતા કી જયની ગગન ભેદી ઘોષણા કરી જેને હોલમાં ઉપસ્થિત બહોળી સંખ્યામાં હાજર જ્ઞાતિજનોએ સાદ પૂરાવીને ઝીલાવી હતી અને રાષ્ટ્રનાદ ઘોષણાથી હોલ ગૂંજી ઉઠ્યો હતો. ત્યારબાદ ધમાકેદાર કાર્યક્રમની શરૂઆત થઈ હતી. અંદાજે ૨૦૦ જેટલા જ્ઞાતિજનો હાજર રહ્યાં હતાં.

રંજન સંધ્યા કાર્યક્રમમાં બાળકોથી લઈને વડીલો સુધીના ૪૦ જેટલા જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બાળ વર્ગ, એ ગ્રુપ, બી ગ્રુપ ને સી ગ્રુપ એમ ચાર વર્ગ તબક્કામાં વહેંચાયો હતો.

બાળ વર્ગ એ સોલો, ફેન્સી ડ્રેસ, સિંગિગ અને મોનો એક્ટિંગ મળીને કુલ્લ ૧૩ પ્રસ્તુતિ કરી હતી એ ગ્રુપ એ ૬, સી ગ્રુપ ૬ અને મિક્ષ ગ્રુપ એ ૩ પ્રસ્તુતિ મળી કુલ્લ ૨૮ પ્રસ્તુતિ રજૂ થઈ હતી.

રંજન સંધ્યાના કાયમી દાતા માતુશ્રી નવલબેન જેતશી શિયાલ દલતુંગીવાળા તરફથી આપવામાં આવતી રોટેટિંગ ટ્રોફી રચનાબેન શામજી લોડાયા મોટી ખાવડીવાળાને મહાન કવિ હરિવંશરાય બચ્ચનની કવિતા નીડકા નિર્માણ ફિર ઉપર કથ્થક નૃત્ય કરવા બદલ એનાયત કરવામાં આવેલ.

કાર્યક્રમના નિર્ણાયક તરીકે જી.એસ.બી. શાળા ના કોરિયોગ્રાફર હેતલબેન રાઠોડ અને પ્રિયાબેન ધૂત ફરજ બજાવી હતી. બેઉ બહેનોએ ખૂબ જ સરસ રીતે તેમને આપવામાં આવેલી કામગીરી બખૂબીથી નિભાવી હતી.

૨૮ જેટલા વિવિધ પર્ફોમન્સ રજૂ થયાં હતા છતાં સમયનો ક્યાંય વ્યય કર્યા વિના સુરેખપણે સમયસર કાર્યક્રમ પૂર્ણ થયું હતું. કાર્યક્રમ નિહાળવા આવેલ તમામ જ્ઞાતિજનોએ ચૌવિહાર કરીને જલદીથી ફરી મળવાની ઈચ્છા દર્શાવી સ્વઘરે જવા પ્રસ્થાન કર્યું હતું. આ માહિતી રંજન સંધ્યા સમિતિના ચેરપર્સન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા તથા શ્રીમતી જીજ્ઞા વિજય છેડા તરફ અપાઈ હતી.

# નલિયા માટુંગાના ખોના પરિવારની ન્યૂ ગિરનાર રોડવેઝને ગોદરેજ ઉદ્યોગ સમૂહ દ્વારા સતત બીજા વર્ષે એકલન્સ સર્વીસનો એવોર્ડ મળ્યો




છેલ્લાં ૫૦ વર્ષથી ટ્રાંસપોર્ટ ઉદ્યોગ કારોબાર સાથે જોડાયેલા નલિયા માટુંગાના ચીમનભાઈ ખોના અને પુત્ર નયન ખોનાની વ્યવસાયિક ટ્રાંસપોર્ટ કં ન્યૂ ગિરનાર રોડવેઝ છેલ્લાં ૩૫ વર્ષથી ગોદરેજ ઉદ્યોગ ગ્રુપ સાથે કોન્ટ્રેક્ટ પધ્ધતિથી સંકળાયેલી છે. પોતાની ૨૫ જેટલી ટ્રક અને બહારથી ટ્રકો મળી દર મહિને અંદાજે ૪૦૦ ટ્રકમાં ગોદરેજના ઉત્પાદનો દેશભરમાં ઠેરઠેર પાઠવે છે. ગોદરેજ સાથે આવા ૧૦૦ જેટલા ટ્રાંસપોર્ટ જોડાયેલા છે.

ગત વર્ષથી ગોદરેજ ગ્રુપ એ સમયબધ્ધ સર્વીસ, નિયમિતતા, ઉચ્ચ પ્રકારની સર્વીસ અને એકલન્સ પર્ફોમન્સ આપનાર ટ્રાંસપોર્ટ કુંપનીને એવોર્ડ જાહેર કરવાની પરંપરા શરૂ કરી. શરૂઆતે માણેકજી માડણ ત્યાર પછી મૂલચંદ રાયચંદ કં અને હાલે ન્યૂ ગિરનાર રોડવેઝ કં નામે કારોબાર કરતાં ખોના પરિવારની ચોથી પેઢી આ વ્યવસાય સાથે જોડાયેલી છે. પ્રથમ વર્ષે આ એવોર્ડ ખોના પરિવારની ટ્રાંસપોર્ટ કં ને મળ્યો હતો. આ વર્ષે પણ સતત બીજા વર્ષે પ્રતિષ્ઠિત ગોદરેજ ગ્રુપ દ્વારા એકલન્સ ટ્રાંસપોર્ટ સર્વીસનો એવોર્ડ ચીમનભાઈ ખોના અને નયન ખોના સંચાલિત ન્યૂ ગિરનાર રોડવેઝને મળ્યો છે. આ વર્ષે એવોર્ડ એનાયત કરવાનો સમારોહ વિક્રોલી પ્લાન્ટ પ્રિમાઈસીસની આરટીઈ બિલ્ડીંગના ટેરેસમાં યોજાયો હતો. આ ગૌરવપૂર્ણ સિધ્ધિ માટે પિતા-પુત્રને હાર્દિક

# ફાલ્ગુની નેવિલ લોડાયાએ કેડીઓ જૈન ઈગ્લિંશ મિડીયમ સ્કૂલ હુબલીના વિદ્યાર્થીઓ સાથે જન્મદિવસની ઉજવણી કરી ગિફ્ટ વહેંચી








શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ઈગ્લિંશ મીડીયમ સ્કૂલ હુબલીમાં તા.૧૨ ફેબ્રુઆરી બુધવારે શ્રીમતી ફાલ્ગુની નેવિલ લોડાયાએ તેમના જન્મદિવસની ઉજવણી બાળકો સાથે કરી અને ૨૫૦ વિદ્યાર્થીઓને ભેટનું વિતરણ કર્યું હતું. શ્રી કેડીઓ જૈન ઇગ્લિંશ મિડીયમ સ્કૂલનું મેનેજમેન્ટ અને વિદ્યાર્થીઓ વતી ફાલ્ગુની લોડાયાને જન્મદિવસની શુભકામના અપાઈ હતી અને તેમની દયા અને ઉદારતાની પ્રશંસા કરાઈ હતી. દીર્ઘ આનંદીત જીવન ખુશી અને સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવાઈ હતી.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી કચ્છ પરજાઉ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટઃ વાર્ષિક સામાન્ય સભાઃ વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુન્જ, મુલુંડઃ બપોરે ૪.00 ક. |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી- નેમનાથજી જિનાલય : દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૮ ફેબ્રુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરા મા |
| તા. ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજી ની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૩૦ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૦૩ એપ્રિલ ૨૫ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૧૦ એપ્રિલ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | લાલપુર મા શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૦ એપ્રિલથી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | જખૌ બિરાજમાન વિક્રમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ મા ના બાના ( ગંધી) બદલીઃ ૧૦.૦૨.૨૫ ના તથા પુડસા દાદા ના ભુવા શ્રીની ચયન વિધિ : ૧૦.૦૨.૨૫ થી ૧૨.૦૨.૨૫ઃ જખૌ સ્થાને. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધર મા બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાન ના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |


શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ




KDO SANJIVANI

કેડીઓ સંજીવની
માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે
સંપર્કઃ

મનીષા શાહ 98695 76527
ડો. ધારિણી નાગડા 98197 22300
ભરત મૈશેરી 98200 58048
રમેશ મોતા 98196 55259

# વન્યજીવન ફોટોગ્રાફર આનંદ તુષાર વિકમશીના બે પુસ્તકોને વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ના ગોલ્ડ બુક એવોર્ડ જાહેર કરાયો




વરાડિયા-હુબલીના પક્ષી અને વન્યજીવન ફોટોગ્રાફર આનંદ તુષાર વિકમશીના સહલેખક તરીકે પક્ષી અને વન્યજીવન ફોટોગ્રાફી આધારિત બે પુસ્તકો 'બર્ડસ ઓફ ઓલ્ડ મેગેઝિન હાઉસ'. જે દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટના ડાંડેલી ક્ષેત્ર વિસ્તારમાં આવેલા ઓલ્ડ મેગેઝિન હાઉસ નામક સ્થળે જોવા મળતાં તમામ પ્રકારના પક્ષીઓની તપશીલ માહિતી આપે છે.

જ્યારે બીજુ પુસ્તક 'વિંગ્સ અનવેઈલ્ડ' Wings Unveiled A Hand book of Bird Photography જે વિશેષ કરીને એ લોકો માટે લખાયું છે જે પરત કુદરત અને વન્યજીવન ફોટોગ્રાફીમાં પોતાની યાત્રાની શરૂઆત કરવા ઈચ્છુક છે.

આ બંન્ને પુસ્તકોને ક્રમશ વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ માટે ગોલ્ડન બુક એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

ભારતીય સુપ્રસિદ્ધ પ્રકાશનગૃહ વિંગ્સ પબ્લિકેશન ઈન્ટરનેશનલ દ્વારા અસાધારણ પુસ્તકોના લેખકોને માન્યતા અને ગૌરવ આપતો આ એવોર્ડ પુરસ્કાર સર્જનાત્મક અને વિવિધ શૈલીઓના વાચકો પરની અસરને ઉજાગર કરે છે એવા ઉત્કૃષ્ટ સાહિત્યિક કૃતિઓને માન્યતા આપે છે.

અગાઉ આ એવોર્ડ સન્માનિતોમાં જે.કે.રોલિંગ, ગૌર ગોપાલદાસ, અશ્નીર ગ્રોવર, નમિતા થાપર સામેલ છે.

બંન્ને ગૌરવપ્રદ પુસ્તકોના સહલેખક તરીકે પોતાનું અમૂલ્ય યોગદાન વન્યજીવન અને પક્ષી ફોટોગ્રાફી Wild life & Bird Photography ક્ષેત્રે આપી સન્માન કર્યું છે જે બદલ આનંદ વિકમશીને હાર્દિક અભિનંદન. ઉન્નત ભાવિ કારકિર્દી માટે શુભેચ્છા.

(સંકલન : શાંતિલાલ આર. લાલકા)

# સાંધવ તીર્થે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૯ મા ધ્વજારોહણ પ્રસંગે પ્રથમ દિવસે બંધુ શાંતિ સ્નાત્ર મહોત્સવની ધર્મ આરાધનાઓ થઈ



કચ્છ સાંધવ તીર્થે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૯મા ધ્વજારોહણ પ્રસંગે પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી નંદિવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. આદિ ચતુર્વિધ શ્રી સંઘની નિશ્રામાં ત્રિાન્હિકા જિન ભક્તિ મહોત્સવના પ્રથમ દિવસે શ્રી લધુશાંતિ સ્નાત્ર મહોત્સવ અંતર્ગત કુંભ-દીપક-જવારારોપણ-પાટલા પૂજન આદિ વિધાનો વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા-બાડાના સંગાથે ધર્મ ભક્તિભાવ સાથે સંપન્ન થયા.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા મુમુક્ષુ હાર્દિકભાઈ મૈશેરીનું બહુમાન કરાયું



તા.૨ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯ કલાકે શ્રી સુવિધિનાથ જિનાલયના કલ્પતરૂ ભવનમાં શ્રી અચલગચ્છ સંઘ ડોંબિવલી સંગાથે શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા સંયમ પંથે જતા મોટી સિંધોડી-ડોંબિવલીના મુમુક્ષુ હાર્દિકભાઈ મુલચંદ મૈશેરીનું બહુમાન કરી આશીર્વાદ પ્રદાન કરવા મોટી સંખ્યામાં જ્ઞાતિજનો પધાર્યા હતા. શ્રી અચલગચ્છ ડોંબિવલી જૈન સંઘના પ્રમુખ શ્રી કુલીનભાઈ પદમશી પીર સર્વેનું સ્વાગત કરતાં સંયમનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે રામ અને રાવણની રાશિ એકજ છે પણ મહત્વ રામને અપાય છે. કૃષ્ણ અને કંસની રાશિ એક હોવા છતાં મહત્વ કૃષ્ણને અપાય છે. તે જ પ્રમાણે સંસાર અને સંયમ એક રાશિના છે. પ્રાધાન્ય સંયમને આપવાનું છે પણ અહીં આવું થતું નથી અને મહત્વ સંસારને અપાય છે.

મુમુક્ષુને તિલક કરી માળા, શ્રીફળ, રૂપિયાનું કવર આપી અને સાલ ઓઢાડી બહુમાન કર્યા બાદ બેઠો વર્ષીદાનનું આયોજન થયું હતું. મુમુક્ષુએ પોતાના સંયમ પ્રત્યેના ભાવ વ્યક્ત કર્યા હતા. તેમજ દંતાણી તીર્થે વિક્રમ સંવત ૨૦૮૧ મહાસુદ ૧૪ મંગળવાર દિને તા.૧૧ ફેબ્રુઆરી સવારના ૪ કલાકેથી પ્રારંભ થનાર દીક્ષામાં પધારવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ મુમુક્ષુના પગલા મંડળમાં પણ થયા હતા. દિક્ષાર્થી અમર રહો અને જૈનમ જયતિ શાસનના ગગનભેદી નારાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. દીક્ષા દાનેશ્વરી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં થવાની છે. બહુમાન સમારોહની આયોજન વ્યવસ્થા શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી તંત્રી ચેતન લહેરચંદ નાગડા-નલિયા એ કરી હતી.

# એસ.એસ.સી.વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની તૈયારી માટે વિશેષ લેક્ચરનું આયોજન શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા કરાયું

તા.૨૬ જાન્યુઆરી રવિવારના સાંજે ૪ કલાકે રેગે દિક્ષિત સાયન્સ એકેડેમીના સંગે રેગે દિક્ષિત સાયન્સ એકેડેમીમાં વક્તા મીસ. શૈલજા મૂલેનું લેક્ચરનું આયોજન રખાયું હતું. એસએસસી બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે આ ખાસ લેક્ચરનું આયોજન કરાયું હતું. આ લેક્ચરનો મુખ્ય પ્રયોજન વિદ્યાર્થીઓને પરીક્ષાના મહત્વના મુદ્દાઓ સમજાવવા અને તેમની તૈયારીને વધુ અસરકાર બનાવવાનો હતો. મીસ. શૈલજા મૂલે એ વિદ્યાર્થીઓને પરીક્ષાના પેપરનું માળખું, પ્રશ્નોના પ્રકાર અને સમય વ્યવસ્થાપન વિષે સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને દરેક વિષયના મહત્વના મુદ્દાઓ અને તેમાં કેવી રીતે વધુ માર્કસ મેળવી શકાય તે વિષે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોના સમજણપૂર્વક પ્રત્યુત્તર આપ્યા હતા.

લેક્ચરમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેઓએ લેક્ચર ખૂબ રસપૂર્વક માણ્યો હતો અને લેક્ચરર શૈલજા મૂલેએ આપેલી માહિતીને ધ્યાનથી સાંભળી હતી. લેક્ચર બાદ પણ વિદ્યાર્થીઓ તેમની પાસેથી પ્રશ્નોના જવાબ મેળવ્યા હતા. રેગે દિક્ષિત સાયન્સ એકેડેમી દ્વારા આ લેક્ચર વિદ્યાર્થીઓને માટે ખૂબજ ઉપયોગી થયા હતા અને તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો હતો. મંડળ દ્વારા ભવિષ્યમાં આવા પ્રકારના ઉપયોગી કાર્યક્રમનું આયોજન કરવા કટિબધ્ધ છે. એવું શ્રી કચ્છી દશા ઓસવાલ ડોંબિવલીની વ્યવસ્થાપક સમિતિ વતી અ.સૌ.અર્ચના અમિત ખોના એ જણાવ્યું હતું.

# કાંજુર ખેલ મહોત્સવ અદ્‌ભૂત ઉત્સાહ સાથે ભવ્યતાથી સંપન્ન






તા.૨ ફેબ્રુઆરી રવિવારના શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ કાંજુરમાર્ગ ખાતે કાંજુર ખેલ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં મહિલાઓ માટે ક્રિકેટ મેચ, પુરૂષો માટે ક્રિકેટ મેચ, ઉપરાંત લગોરી, ખોખો, વન મિનિટ ગેમ, અલગ અલગ પ્રકારની રેસ, ટ્રેઝર હન્ટ અને હાઉસી જેવી રમતોમાં કુલ્લ મળીને ૧૩૦ થી વધુ મેમ્બરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી અનંતનાથ કોમ્પલેક્ષના ૧૧ મેમ્બરોએ ટીમની ઓનરશીપ લીધી હતી. જે આ પ્રમાણે છે. ૧) નમોલો સ્ટ્રાઈકર-માતોશ્રી પદ્મિનીબેન કલ્યાણજી લોડાયા ગામ સાયરા ૨) પીર સુપર કિંગ્સ-પ્રવિણાબેન પ્રતાપભાઈ લોડાયા ગામ વરાડીયા ૩) કૃણાલ હિરોસ-માતોશ્રી માનબાઈ હિરાચંદ નાગડા ગામ નલિયા ૪) કે કે આર કે વીર-રીનાબેન કેતન મૈશરી અને કેકેઆર ૫)દૈવિક વોરિયર્સ-રીટાબેન મહેશ નાગડા રંગપુર ૬)માસ્ટર માઈન્ડ-હરીતી જિનેન્દ્ર દોલત ગામ સુથરી અને નિહાર ગીરીશ મોતા ગામ લાખણીયા ૭) ચેલેન્જર્સ-માતો શ્રી જયાબેન કિશોર નાગડા રંગપુર ૮)અનંત ટાઈગર-માતોશ્રી શ્રી હંસાબેન લાલજી લોડાયા વારાપધ્ધર ૯)ગૌરવ સેલેસ્ટીયલ-સ્વ મહેન્દ્રભાઈ નવીનચંદ્ર વિક્રમસી વરાડીયા.

બધા ખેલાડીઓ માટે ટીશર્ટ જીતનાર ટીમ માટે ટ્રોફીઓ, સવારની નવકારસી, બપોરનું જમણ બપોરની ચા અને સાંજનું જમણ આ બધી વસ્તુઓનો આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેલોત્સવના મુખ્ય સ્પોન્સર તરીકે શ્રીમતી પ્રવિણાબેન પ્રતાપ લોડાયા પીર પરિવાર ગામ વરાડીયા અને બપોરનું જમણ જેમના તરફથી હતું તે માતોશ્રી જયવંતીબેન જયચંદ ધરમસી અને વાલજી હીરજી ખોના. આ ખેલોત્સવનું આયોજન કે.કે.આર અને એ.વાય.એફ ટીમના સભ્યો હર્ષલ નાગડા, હેમંત લોડાયા, ઉર્વેશ છેડા, ઝીલ ખોના, ક્રિષા લોડાયા, ઈક્ષા લોડાયા, ખુશી ખોના અને વિપુલ ખોના દ્વારા કરવામાં આવ્યું હતું.

મહિલાઓની ટીમની વિજેતા ધ ચેલેન્જર્સ અને પુરૂષોની ટીમ વિજેતા કે.કે.આર કે વીર.

કોમ્પ્લેક્સના દરેકે દરેક સભ્યોનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ મળ્યો જેથી કરીને આ કાર્યક્રમ બહુ જ સારી રીતે ઉજવી શક્યા. આખા દિવસની મજા માણીને આનંદ અને ઉલ્લાસ સાથે રાત્રે ૧૦:૦૦ વાગે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.





# વારાપધ્ધર તીર્થે ૧૬૪મો ધ્વજા મહોત્સવ અદ્ભૂત ઉત્સાહ સાથે સંપન્ન થયો









કચ્છના અબડાસા પંથકના વારાપધ્ધર નગર તીર્થે શ્રી વારાપધ્ધર ક.દ.ઓ. જૈન મહાજન અને જૈન યુવક મંડળના આયોજનથી તા.૧૦ ફેબ્રુઆરી સોમવારના રોજે પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રા સહ ચતુર્વિધ સંઘની ઉત્સાહ ભરી હાજરીમાં ૧૬૪મો ધ્વજા મહોત્સવ વિવિધ ધર્મ આરાધનાઓ કરીને સંપન્ન થયો.

# કચ્છ બાયઠ નગરના શ્રી મહાવીર સ્વામી જિનાલયના ૭૫ મા પ્લેટિનમ જ્યુબિલી વર્ષે ત્રિહાન્હિકા મહોત્સવ ધામધૂમથી સંપન્ન







કચ્છ બાયઠ નગરના ૭૪ વર્ષ પ્રાચીન શ્રી મહાવીર સ્વામીજી જિનાલયના ૭૫ મા પ્લેટિનમ જ્યુબિલી વર્ષે ત્રિહાન્હિકા ધ્વજારોહણ મહોત્સના લાભાર્થી પરિવારો માતુશ્રી વેલબાઈ ભવાનજી કેશવજી ધરમશી તથા માતુશ્રી ચાંપબાઈ માણેકજી ટોકરશી બોરીચાના સહકારથી તથા ૩૩મા વર્ષીતપ આરાધક મુનિરાજ પ.પૂ.શ્રી હિતવર્ધનસાગરશ્રીજી મ.સા. તથા વર્ધમાન તપોનિધિ આરાધક પ.પૂ.સાધ્વી શ્રી યશોગુણાશ્રીજી મ.સા.ના તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થંકરગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરીમાં પ્રખ્યાત વિધિકાર રાજાભાઈ નંદુની હાજરીમાં તા.૫ ફેબ્રુઆરી બુધવારથી તા.૭ ફેબ્રુઆરી શુક્રવાર સુધી રૂડી રીતે ઉજવાયો.

પ્રથમ દિવસમાં તા.૫ ફેબ્રુઆરી બુધવારે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા દ્વિતીય દિવસે તા.૬ ફેબ્રુઆરી ગુરૂવારના ૭૦ જેટલા ભાવિકજનોની ઉપસ્થિતિમાં અઢાર અભિષેક તથા તૃતીય દિવસે તા.૭ ફેબ્રુઆરી શુક્રવારના સતરભેદી પૂજા સહ ધ્વજારોહણ અદ્ભૂત ભાવ સાથે થયેલ. ધ્વજારોહણ મહોત્સવ નિમિત્તે મા. વેલબાઈ ભવાનજી ધરમશી પરિવાર તરફથી બાયઠની શાળાના વિદ્યાર્થી છાત્રોને નોટબુક તથા પેનનું વિતરણ કરવામાં આવેલ. જે મેળવીને બાળકો ખુશ-ખુશાલ થઈ ગયા હતા.

# નૂતન દીક્ષાર્થીનું સંયમ જીવનનું નામ મુનિરાજ શ્રી હર્ષપ્રભસાગરજી મ.સા.







મોટી સિંધોડી-ડોંબિવલીના નૂતન દીક્ષાર્થી મુમુક્ષુ હાર્દિકભાઈ મૂલચંદ ચાંપશી મૈશેરીની દીક્ષા દંતાણી તીર્થે મંગળવાર તા.૧૧ ફેબ્રુઆરીના સંપન્ન થઈ. દીક્ષા બાદ નૂતન નામ પ.પૂ.મુનિરાજ શ્રી હર્ષપ્રભસાગરજી મ.સા. રાખવામાં આવેલ છે.

# પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા. સંયમજીવનના ૨૧મા વર્ષમાં પ્રવેશ કર્યો



પ.પૂ. સા. શ્રી નવકારગુણાશ્રીજી મ.સા.

કચ્છ નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના ધર્માનુરાગી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૬૧ના મહા વદ ૨ તિથિ દિને ઘાટકોપર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના કઠીન પથ પર પ્રવાસનો પ્રારંભ કર્યો.

આજ, કાલ કરતાં કરતાં વિક્રમ સંવત ૨૦૮૧ના મહાવદી ૨ તિથિ દિને પૂજ્ય સાહેબ એક, બે, પાંચ, દસ, પંદરથી આગળ વધી સંયમ જીવનના ૨૦ વર્ષ બે દાયકા પૂર્ણ કરી ૨૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ પ્રવાસને વધાવતાં ગુરૂભક્તોને શુભકામના શુભ ભાવના છે કે સાહેબજી રજત, સુર્વણ, હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરતાં કરતાં આગળ વધી સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષે બિરાજમાન થાય. શત શત વંદના સાહેબજીને.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.

# કચ્છ જસાપર તીર્થે ૧૪૮મો ધ્વજારોહણ મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો





કચ્છના જસાપર નગર તીર્થે જિનાલયનો ૧૪૮મો ધ્વજારોહણ મહોત્સવનો તા.૧૪ ફેબ્રુઆરી શુક્રવારના ભવ્ય પ્રારંભ થયો. મહોત્સવના પ્રથમ દિવસે યુવા વિધિકાર ડૉ. હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે અઢાર અભિષેક તથા શ્રી પાર્શ્વ પદમાવતી મહાપૂજન થયેલ સંઘના શ્રાવક શ્રાવિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.









# શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી દ્વારા ૧૫મી સમૂહ પહેડી તથા વાર્ષિક સભાનું આયોજન તા.૨૩ ફેબ્રુઆરીના ભાંડુપ મધે

શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી દ્વારા સ્થાનિક ધ્વજા મહોત્સવની ધામધૂમથી ઉજવણી બાદ તા.૨૩ ફેબ્રુઆરી રવિવારના સવારે ૯ થી ૧ દરમ્યાન કુકરેજા મિની હોલ અનંત સિધ્ધિ સામે, ભાંડુપ વેસ્ટ મધે ૧૫મી સમૂહ પહેડી તથા વાર્ષિક સભાનું આયોજન નિર્ધારીત કરાયું છે. ભક્તિ ભાવનાની રમઝટ શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપના સથવારે સૌ ભાવિકો નિયાણી બહેનોને સહપરિવાર સમયસર પધારવાનું આમંત્રણ શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી તરફથી છે.

પહેડી પ્રસાદના દાતા માતુશ્રી ચંદનબેન દેવશી રતનશી લોડાયા તથા માતુશ્રી દમયંતીબેન સોમચંદ ખીમજી લોડાયા પરિવાર વરાડિયા. વિશેષ માહિતી માટે સંપર્ક હીરેન શાહ-૯૮૨૧૧૮૩૯૧૧, અનિશ શાહ-૯૮૩૩૫૧૧૬૮૫, ધૈર્ય લોડાયા-૯૮૨૦૧૭૬૪૨૧, ખંતીલ લોડાયા-૯૦૨૯૫૪૯૮૪૧.

# વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં સળંગ ૩૩મી પહેડી યોજાઈ













રવિવાર, તા. ૦૯ ફેબ્રુઆરીના ભાડુંપના મેવાડ કેશરી હોલમાં શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ વરાડીયા આયોજિત પહેડીના લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા પરીવાર હસ્તે શા. અશોકભાઇ દામજી ડાઘા, કોઈમ્બતુર હતા. ભૂવાજી શ્રી આણંદજી ભાણજી ડાઘાના સાંનિધ્યમાં પહેડીની શાનદાર ઉજવણી થયેલ.


શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ તથા શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળના કલાકારો એ સરસ ભક્તિ ભાવના રજૂ કરેલ ને ભાવિકો મન મુકીને ગરબા રાસ રમ્યા હતા. મંડળ તરફથી દાતા પરીવારનુ સન્માન થયેલ.

આવતા વર્ષે ૩૪ મી પહેડીના લાભાર્થી શ્રી પ્રિયંક ગજેશ લીલાધર ડાઘા, ભાત બજાર, મુંબઈ છે.

આ વર્ષે ચૈત્ર સુદ ચોથ-પાંચમના વરાડીયામાં શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરના ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય લાભાર્થી તરીકે મા. હીરબાઇ રતનશી પાસવીર ડાઘા હસ્તે નલીનભાઈ ડાઘા એ લાભ લીધો છે તેની ઘોષણા થઇ.

બસો જેટલા ભાવિકો તથા આમંત્રિતોની હાજરીમાં ઉમળકાભેર પહેડીની ઉજવણી થયેલ.

# સંજીવની કેસ અરજી નં.૧૭૨ માટે જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




વરાડીયા-ડોંબિવલીના ૪૪ વર્ષીય પરેશ લખમશી ખોના છેલ્લા પાંચ વર્ષથી પીઠના દુ:ખાવાથી પીડિત છે અને LCS લમ્બર કેનાલ સ્ટેનોસિસ સાથે L-4, L-5 ડિસ્ક હર્નિએશનને કારણે સર્જરી કરાવવા માગે છે. થાણાના ગારમેન્ટ સ્ટોરમાં સામાન્ય નોકરી કરી પોતાનું જીવન નિર્વાહ કરતાં પરેશભાઈના પરિવારમાં ગૃહિણી પત્ની અને અભ્યાસ કરતાં બે બાળકો છે.

નોકરીને કારણે સતત ઊભા રહેવું પડે છે. જે સતત પીડાદાયક રહે છે. L-4, L-5, UBE ની બાયપોર્ટલ એન્ડસ્કોપી કરી ફ્યુઝન સર્જરી કરવાની તેમને સલાહ અપાઈ છે. મેડિકલપોલિસી છે જે સર્જરીના ખર્ચ માટે અપૂરતી છે. આ માટે આંશિક જરૂરિયાત રૂા.૨,૦૧,૮૫૦ની મદદ મળી રહે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી કરી. જે ભંડોળ જમા કરવા ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો.

જણાવતા ખુશી થાય છે કે ગણતરીના દિવસોમાં કેસ અરજી નં.૧૭૨ માટે જરૂરી રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું છે. માનવતાના સાદને પ્રતિસાદ આપનારા ઉદારદિલ અને દયાવાન દાતાઓ, માનવતાવાદી મહાજનો, એકમો, ટ્રસ્ટ અને સંસ્થાઓ તેમજ વ્યક્તિગત ઉદારજનોનો સહાયનો સાથ-હાથ આપવા બદલ શત શત આભાર વંદન.

# વૃક્ષારોપણ કરી જન્મદિવસની ગ્રીન ઉજવણી કરતા પુરવ જિગ્નેશ મોતા



મૂળ કચ્છ લાખાણીયા, હાલે હૈદ્રાબાદના પુરવ જિગ્નેશ નવીનચંદ્ર મોતા છેલ્લા ૩ વર્ષથી પોતાનો જન્મદિવસ વૃક્ષ વાવીને કરે છે. ટકાઉ ભવિષ્ય માટે ગ્રીન જન્મદિવસ ઉજવવાની એક અનોખી પરંપરા તેણે શરૂ કરી છે જે સૌને માટે પ્રેરક બની રહે એવી છે.

આ પરંપરા તે જ્યારે ૧૮ વર્ષનો થયો ત્યારે જામફળના છોડને વાવવાથી શરૂઆત કરી હતી. આજે આ વૃક્ષ ઘટાટોપ થઈ ગયેલ છે. આ પગલાંથી વિકાસ માટે જીવંત વસિયત નામું અને ક્રિયા કર્મ માટે અનોખી શક્તિને પ્રદાન કરે છે.

તે આગળ જણાવે છે કે એવી દુનિયાની કલ્પના કરીએ કે જ્યાં દરેક પોતાના જન્મદિવસે હરિયાળા ભવિષ્ય માટે ફાળો આપે. દરેક જણ એક એક વૃક્ષ વાવે તો પૃથ્વીને એક અનોખી અને અર્થપૂર્ણ ભેટ આપી શકીએ છીએ.

જન્મદિવસ ઉપરાંત આપણા પારિવારિક પ્રસંગો, મેળાવડામાં સમારોહમાં વિશિષ્ટ મહાનુભાવોને રોપા આપીને સન્માનીએ. પરંપરાગત ચીજ વસ્તુઓની ભેટ આપવાને બદલે નવપલ્લિત થવાની ઈચ્છા ધરાવતો રોપની ભેટ આપવાની પ્રથા આપણી સંસ્કૃતિને નોંધપાત્ર અસર કરી શકશે. પુરવ મોતા હરિયાળા જીવન માટે પ્રતિબધ્ધતા વૃક્ષો વાવવાથી આગળ વધી કીચન ગાર્ડન બનાવ્યું છે. રોજિંદા રસોઈમાં ઉપયોગમાં આવતી શાકભાજીના ઝાડ ઉગાડે છે. આનાથી કુદરત સાથે નિકટતાનો અનુભવ કરે છે. વધુને વધુ વૃક્ષો વાવવા અને હરિયાળી ઝુંબેશને પ્રોત્સાહન આપવું એ હરિત ભારતને અને સ્વસ્થ વિશ્વ વસુંધરા તરફ જતું એક પગલું છે. એ વૃક્ષ વાવો, એક રોપો ભેટમાં આપો અને ચાલો સાથે મળીને આપણી આવતી કાલને હરિયાળી-લીલીછમ બનાવીએ. એવું તે દ્રઢતા સાથે કહે છે.

# આનંદો અબડાસાવાસીઓ : ભુજ નલિયા રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન પૂરું એપ્રિલથી નલિયા સુધીની શરૂ થશે પેસેન્જર ટ્રેન



પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાને જિલ્લાના પાટનગર ભુજ સાથે જોડતા ૧૦૧ કિલોમીટર લાંબા રેલ્વે ટ્રેક પર ઈલેક્ટ્રિફિકેશનનું કામ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. હવે આ રૂટ પર માલગાડીઓ સંચાલિત થશે અને એપ્રિલ ૨૦૨૫ થી પ્રવાસી ટ્રેનોની સેવા શરૂ થવી અપેક્ષિત છે. અધિકૃત સાધનોના જણાવ્યા પ્રમાણે ઈલેક્ટ્રિક લાઈન સાથે જોડવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ અંગેનો વિસ્તૃત અહેવાલ મુંબઈની ચર્ચગેટ સ્થિત પશ્ચિમ રેલવેની વડી કચેરીને મોકલી દેવામાં આવ્યો છે. જેને મંજૂરી મળ્યા બાદ મુંબઈથી રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ ભુજ-નલિયા ટ્રેકના વિદ્યુતીકરણ કાર્યનું નિરીક્ષણ કરી રિપોર્ટ સબમીટ કરશે. જે બાદ એપ્રિલમાં પ્રવાસી ટ્રેન સેવાની શરૂઆત થવાની સંભાવના છે.

આ વિકાસથી ન માત્ર પશ્ચિમ કચ્છના જ પરંતુ અન્ય વિસ્તારોમાં વસતા કચ્છીઓ માટે મુસાફરી સરળ બનશે. અબડાસાવાસીઓને માટે આ મહત્વપૂર્ણ કદમ સાબિત થશે.

# સાંધવ ગામે ત્રિદિવસીય મહોત્સવ નિમિત્તે પરજાઉ ગૌશાળા પાંજરાપોળમાં જીવદયા કાર્ય થયું

શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા અને શ્રી વાછડા દાદાની અસીમ કૃપાથી જીવદયા અબોલા અનાધાર જીવોને સાંધવ ગામે ત્રિદિવસીય મહોત્સવ નિમિત્તે બુધવાર તા.૧૨ ફેબ્રુઆરીના પરજાઉ ગૌશાળા પાંજરાપોળમાં ૫૦ મણ નીલી મકાઈ માણેકજી મેઘજી લોડાયા તરફથી પહોંચાડાઈ છે. જે બદલ કચ્છ પરજાઉ ગૌશાળા તરફથી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ છે.

# નેશનલ ગેમ્સ ૨૦૨૫માં ૩ મેડલ મેળવેલ હીર નાગડા હવે ઓલિમ્પિકમાં મેડલ જીતવાની મહત્વકાંક્ષા ધરાવે છે



કોઠારા મુલુંડના ૨૩ વર્ષીય હીર પ્રીતિ ગિતેશ નાગડાએ ૧૦ વર્ષની ઉંમરે સ્પર્ધાત્મક સ્વિમિંગમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. શૈક્ષણિક રીતે તે મુંબઈ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન હાલમાં કરી રહ્યો છે. શુધ્ધ શાકાહારી એવા હીરએ ૧૧ વર્ષની ઉંમરે જિલ્લા કક્ષાએ વિજેતા થયો હતો. ત્યારબાદ સ્થાનિક સ્વિમિંગ સ્પર્ધાઓમાં અનેક મેડલ જીત્યાં છે. વર્ષ ૨૦૧૬માં નવી દિલ્હી સ્કૂલ ગેમ્સમાં તેણે પોતાનો પ્રથમ રાષ્ટ્રીય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.


આંતરરાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૨૭માં સિંગાપુરમાં પાર્ટિસ્પન્ટ કર્યું હતું. તેણે નોર્વેમાં ૩ માસ તાલીમ લીધી હતી. હાલમાં ઉતરાખંડમાં યોજાયેલી ૩૮મી નેશનલ ગેમ્સ ૨૦૨૫માં કુલ ૩ મેડલ મેળવાની સિદ્ધિ મેળવી હતી. (૧) ૧૦૦ મીટરની ફ્રી સ્ટાઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર મેડલ (૨) ૪ × ૧૦૦ મિક્સ ફ્રી સ્ટાઈલ રિલેમાં સિલ્વર મેડલ અને (૩) ૪ × ૧૦૦ પુરૂષોની ફ્રીસ્ટાઈલ રિલેમાં બ્રોન્ઝ મેડલ મેળવા ભાગ્યશાળી થયો હતો. તેનું હવે પછીનું લક્ષ્ય વર્ષ ૨૦૨૬ની એશિયન ગેમ્સ અને ત્યાર પછી ૨૦૨૮નીઓલિમ્પિકમાં ભાગ લઈ દેશવતી મેડલ મેળવવાની મહત્વાકાંક્ષા ધરાવે છે.

તેના માતા-પિતા બંન્ને યોગ શિક્ષક છે અને યોગ શીખવાના ક્લાસ લે છે. પિતા સાયબર સિક્યુરિટીનો વ્યવસાય કરે છે. એ બંન્નેના સમર્પણ અને પ્રોત્સાહનને લીધે હીરએ પ્રગતિની આ ઊંચાઈ સુધી પહોંચી શક્યો છે એવું તેનું દ્રઢ માનવું છે. તેની સંકલ્પ સિધ્ધિ સાકાર થાય એ માટે નાણાકીય સહકાર જરૂરી છે તે માટે સંશાધનોની શોધમાં તે પ્રયત્નશીલ છે. જ્ઞાતિના આશાસ્પદ અને હોનહાર સ્વિમરએ મેળવેલ સિધ્ધ માટે હાર્દિક અભિનંદન સાથોસાથ ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી માટેની લાખેણી શુભકામના.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**પ્રજ્ઞાબેન મૈશેરી**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૫૮)
જખૌ-બેલ્લારી




**સોમચંદભાઈ મોતા**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૮૨)
રાપરગઢવારી-ડોંબિવલી




**વીરચંદભાઈ ધરમશી**
તા.૧૦ ફેબ્રુઆરી (ઉ.૮૮)
સુથરી-વર્સોવા (અંધેરી)



**રશ્મિકાંતભાઈ શાહ**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૭૫)
માટુંગા
સૌ.સરલાબેન કુંવરજી કુરૂવાના જમાઈ



**પ્રેમચંદભાઈ મોતા**
તા.૧૧ ફેબ્રુઆરી (ઉ.૭૯)
કુઆપધર-કોલકતા



**વસંતભાઈ લોડાયા**
તા.૧૩ ફેબ્રુઆરી (ઉ.૭૬)
નલિયા-મુલુંડ




**ઉમેશભાઈ લોડાયા**
તા.૧૩ ફેબ્રુઆરી (ઉ.૬૫)
કોઠારા-સોલાપુર



**હીમાબાઈ મોમાયા**
તા.૧૩ ફેબ્રુઆરી (ઉ.૯૫)
વરાડીયા-ચેમ્બુર



**શાંતિલાલ લોડાયા**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૮૪)
નલિયા-અમલનેર



**જ્યોતિંદ્રભાઈ લાપસીયા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૬)
નલિયા-ચેન્નઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વિક્રમ સંવત ૧૮૧૯ ગીતા જયંતિના દિવસે સિંધના બાદશાહ ગુલામશા કલોરાએ કચ્છની ભૂમિ પર આક્રમણ કર્યું હતું ત્યારે કચ્છના મહારાવ ગોડજી બીજાએ ઝારાડુંગર તળેટી પર યુધ્ધનો મોરચો માંડ્યો હતો. આ યુધ્ધમાં ક્ષત્રિય રાજપૂતો સહિત વિવિધ સમાજના યોધ્ધાઓ વીરગતિ પામ્યા હતા. કચ્છના કુરુક્ષેત્ર ગણાતા ઝારા ડુંગર પર દર વર્ષે ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા વીર શહીદોને શ્રધ્ધાંજલિ અપાય છે. જે અંતર્ગત આ વર્ષે ૨૪મો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ ઝારા ડુંગર ખાતે યોજાયો. કાર્યક્રમમાં વકતાઓએ ઐતિહાસિક ઝારા ડુંગરને પ્રવાસન સ્થળ લઈ તેનો વિકાસ કરવાની માંગ કરી હતી. રાજ્ય સરકાર દ્વારા ધોળાવીરાથી ધોરડો સફેદ રણ, નારાયણ સરોવર, કોરી ક્રીક, માતાના મઢ સહિતના સ્થળો ઉપર વિકાસ કાર્યો ચાલી રહ્યાં છે. ત્યારે પ્રવાસન વિભાગે ૨૬૨ વર્ષે અગાઉની આ રણ ક્ષેત્ર ઝારાનો સંપૂર્ણ રીતે વિકાસ કરવો જોઈએ એ લાગણી સૌએ વ્યક્ત કરી હતી.

● સનાતન ધર્મમાં હરિદ્વારને યાત્રાધામ તરીકેનું મહત્વ અપાયું છે. જ્યાં કાયમ પવિત્ર ગંગાના પાણી વહે છે અને દર વર્ષે ગંગાસ્નાન તથા દર્શનાર્થે લાખો કચ્છી જતા હોય છે. એ યાત્રાળુઓની સેવાર્થે શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ સેવામાં કાર્યરત છે. આ આશ્રમ ગંગા નદીના ઘાટથી નજીક હોતા યાત્રિકોને ગંગા સ્નાન કરવામાં પણ સુવિધા રહે છે. ૧૯૫૫ થી કચ્છી આશ્રમ કાયમ ભજન અને ભોજનથી ધમધમતો રહે છે. દર વર્ષ છ લાખથી વધુ લોકો આશ્રમની મુલાકાત લે છે. માત્ર વ્યક્તિ દીઠ રૂા.૮૦ રૂપિયામાં સવારે સાંજે ચા નાસ્તો, બપોરે-રાત્રે ભોજન અને રહેવાની તમામ સગવડનો લાભ મેળવે છે. રામાયણ, ભાગવત, દેવી ભાગવત સહિત સમૂહ કથાના આયોજનો સતત લોકો કરતાં રહે છે.

● પર્યાવરણ અને વાતાવરણ હાનિના આરોપો સાથે વિરોધનો સામનો કરી રહેલી દેશની અગ્રણી કંપની ગુજરાત હેવી કેમિકલ્સ લિ.ને કચ્છમાં માંડવી તાલુકાના બાડા ખાતે પ્રથમ સોડા એશ પ્લાન્ટ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. પર્યાવરણીય મંજૂરી મળી જતાં જીએચસીએલ કચ્છમાં બાડા ખાતે પ્રથમ સોડાએશ પ્લાન્ટ રૂા.૬૫૦૦ કરોડના મૂડી ખર્ચ સાથે શરૂ કરી શકશે. દરિયાકાંઠા પાસે ૧૩૫૦ એકરના વિશાળ ભૂભાગ પર સોડાએશ પ્લાન્ટ સાથે ખાવાના સોડા (સોડિયમ બાયકાર્બોનેટ) અને કોલસા આધારિત ૧૨૦ મેગાવોટનો કેપ્ટિવ પાવર પ્લાન્ટ સમાવતું કેમિકલ કોમ્પલેક્સ આકાર લેશે.

● કચ્છના પશ્ચિમ છેડે તીર્થધામ નારાયણ સરોવર ખાતે કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલય તથા ગૌશાળા-પાંજરાપોળ એમ બે ટ્રસ્ટની સ્થાપના થયેલી છે. જે ૫૪ વર્ષથી વર્ષે ત્રણ લાખ યાત્રિકને ભોજન પ્રસાદ વિના મૂલ્ય અપાય છે. યાત્રિકોની સુવિધા માટે એક કરોડના ખર્ચે રિનોવેશન કરવાનું નિર્ધારાયું છે. વાલરામ વિશ્રામધામ સંકુલમાં યાત્રિકો માટે ૭૦ રૂમ તથા બે હોલની વ્યવસ્થા છે. વર્ષે એક લાખ યાત્રાળુ રાત્રિ રોકાણ કરે છે. ગૌશાળા પાંજરાપોળમાં ૯૦૦ ગૌવંશનો નિભાવ થાય છે.

● સમગ્ર દેશમાં કચ્છ એક માત્ર એવો જિલ્લો છે. જ્યાં પ્રવાસન અને ઉદ્યોગ બંન્નેનો વિકાસ થયો હોય. આ આયામ થકી કચ્છમાં હોટેલ ઉદ્યોગનો સારો વિકાસ થયો અને હજુ વિકાસની વ્યાપક શક્યતાઓ રહેલી છે. અંજાર તાલુકાના મેઘપર બોરીચીની સીમમાં હોલીડે વિલેજના પોદાર ગ્રુપ દ્વારા તાજ ગ્રુપ સાથે કરાર થયાં છે. જેને લીધે નવા વર્ષ ૨૦૨૫ના મધ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાનો લાભ મળશે. હાલે અત્રે બે હજાર, એક હજાર અને ૫૦૦ લોકોની ક્ષમતા ધરાવતા ત્રણ પાર્ટી પ્લોટ ૯૩ રૂમ્સ, ૮૦૦ લોકોની ક્ષમતા ધરાવતો બેન્કવેટ હોલ, ડિસ્કોથેક, સ્વીમિંગ પુલ છે. જેમાં વધુ ૬૦ રૂમની સગવડ ઉમેરાશે. આમ દેશની પ્રતિષ્ઠિત ઈન્ડિયન હોટલ કંપનીની શાખ એટલે કે તાજ ગ્રુપનું છોગું ઉમેરાશે જે સર્વોચ્ચતા પ્રદાન કરશે.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA